# India assumes the Presidency of the UNSC for the month of December 2022

# ભારત ડીસેમ્બર 2022 મહિના માટે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની અધ્યક્ષતા ધારણ કરે છે

01 ડીસેમ્બર, 2022

ભારત દ્વારા આજે ડીસેમ્બર મહિના માટેની સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની અધ્યક્ષતા ધારણ કરવામાં આવી છે. સયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં ચૂંટાયેલા સભ્ય તરીકે તેની બે વર્ષની અવધીમાં [2021-2022] આ બીજો અવસર છે, અગાઉ તેણે ઓગસ્ટ 2021 માં તે કરી હતી.

2. સુરક્ષા પરિષદની ભારતની ડીસેમ્બરની અધ્યક્ષતા દરમિયાન, વિદેશ મંત્રીની અધ્યક્ષતામાં સુધારેલ બહુપક્ષીયતા અને આતંકવાદનો સામનો કરવા પર અનુક્રમે 14 અને 15 ડીસેમ્બર 2022 નાં રોજ બે ઉચ્ચ-સ્તરીય સિગ્નેચર ઈવેન્ટ્સ નિર્ધારીત કરવામાં આવી છે.

3. "આંતરરાષ્ટ્રિય શઆંતિ અને સુરક્ષાની જાળવણી: સુધારેલી બહુપક્ષીયતા માટેનો નવો પરિચય" થીમ પર 14 ડીસેમ્બરનાં રોજની ઉચ્ચ-સ્તરીય ખુલ્લી ચર્ચા સંયુક્ત રાષ્ટ્રનાં સભ્ય રાષ્ટ્રોને સંયુક્ત રાષ્ટ્રને વધારે પ્રતિનિધિત્વ આપતું બનાવવા અને હેતુઓ માટે સુયોગ્ય બનાવવા માટે સંયુક્ત રાષ્ટ્રને તેનાં હાર્દમાં રાખીને વર્તમાન બહુપક્ષીયતાનાં માળકામાં સુધારાઓ કરવા પરનાં વાર્તાલાપને આગળ લઈ જવા માટે પ્રોત્સાહિત કરશે. 15 ડીસેમ્બરનાં રોજ, 15 December, a High-level briefing on the theme – "આતંકવાદી કૃત્યો દ્વારા આંતરરાષ્ટ્રિય શાંતિ અને સલામતિને ઉભા થતા ખતરાઓ: આતંકવાદનો સામનો કરવા તરફનો વૈશ્વિક અભિગમ – પડકારો અને આગળ જવાનો માર્ગ" થીમ પરનું ઉચ્ચ-સ્તરીય બ્રીફિંગ વૈશ્વિક આતંકવાદનો સામનો કરવાનાં માળખાનાં બૃહદ સિદ્ધાંતો પર સર્વસંમતિનું ઘડતર કરવા માંગશે અને ભારતમાં ઓક્ટોબરમાં આતંકવાદ-વિરોધી સમિતિની વિશેષ બેઠક દરમિયાન ગ્રહણ કરવામાં આવેલા દિલ્હી ડીક્લેરેશનને આગળ લઈ જવાનો ધ્યેય રાખશે.

4. ભારતની અધ્યક્ષતા હેઠળ બે સિગ્નેચર ઈવેન્ટ્સ ઉપરાંત, પરિષદ દ્વારા સીરિયા અને યમન [મધ્ય પૂર્વ], દા'એશ/આઈસિલ દ્વારા કરવામાં આવેલા ગુનાઓ માટે જવાબદારીનો પ્રચાર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની સંશોધક ટીમ [UNITAD], સુદાનમાં સંયુક્ત રાષ્ટ્રનું સંકલિત સંક્રમણ સહાયતા અભિયાન [UNITAMS], લોકતાંત્રિક ગણરાજ્ય કોંગોમાં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનું સ્થિરતા અભિયાન [MONUSCO], માનવીય બાબતોનાં સંકલન માટેની સંયુક્ત રાષ્ટ્રની કચેરી [UNOCA], ઈન્ટરનેશનલ રેસિડ્યુઅલ મીકેનિઝમ ફોર ક્રિમિનલ ટ્રિબ્યુનલ્સ [IRMCT], મધ્ય પૂર્વ, સુધાનમાં સંયુક્ત રાષ્ટ્રનું સહાયતા અભિયાન [UNMISS], લિબીયામાં સંયુક્ત રાષ્ટ્રનું સહાયતા અભિયાન [UNSMIL], લોકતાંત્રિક ગણ રાજ્ય કોંગો [DRC] અને યુનાઈટેડ નેશન્સ

ડિસએન્ગેજમેન્ટ ઓબ્ઝર્વર ફોર્સ [UNDOF] સહિતની પરિષદમાં રહેલી કેટલીક ગંભિર ફાઈલો પર ચર્ચાઓ યોજવામાં આવે તેવું અપેક્ષિત છે. અફઘાનિસ્તાન પર બ્રીફિંગ અને પરામર્શ [અફઘાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્રનું સહાયતા અભિયાન (UNAMA)] પણ 20 ડીસેમ્બરનાં રોજ યોજાવાનું નિર્ધારિત થયેલ છે. ત્રણ ફરમાનો 1988 તાલિબાન પ્રતિબંધોની સમિતિ, MONUSCO અને UNDOF માટેનાં ત્રણ ફરમાનો પણ રીન્યૂ કરવાનાં છે.

**નવી દિલ્હી**
**01 ડીસેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.